Appendix- 1



## પરિશિષ્ટ-૧

## રંગભૂમિનાં ગીતોમાં સ્વદેશપ્રેમ

પ્રજામાં જ્યારે નવજીવન પ્રગટતું હોય છે ત્યારે એના સમુલ્લાસનું બળ વિવિધપેરે રેલાઇ રહે છે. પ્રજાજીવનનાં બળ અને પરાક્રમ આવિષ્કૃત થવાનું એક ક્ષેત્ર સાહિત્ય છે. અંગ્રેજો સામેની લડત દરમિયાન રાષ્ટ્રજીવનમાં પ્રગટેલું ચૈતન્ય સાહિત્ય મારફતે અભિવ્યક્તિને પામેલું છે. એ ચૈતન્યે એક બાજુથી સાહિત્યને નવપલ્લવિત કરેલું છે, તો બીજી બાજુથી, નવપલ્લવિત થયેલા સાહિત્ય દ્વારા જ ખુદ એ ચૈતન્ય પરિપુષ્ટિને પામેલું છે. સાહિત્ય અને રાષ્ટ્રજીવન વચ્ચે પરસ્પરપુષ્ટિની આવી આદાનપ્રદાનની પ્રક્રિયા સહજભાવે ચાલતી જ રહેતી હોય છે.

રાષ્ટ્રજીવનમાં આવતી જાગૃતિ હંમેશા અખંડ સ્વરૂપની હોવાથી એ માત્ર શિષ્ટ સાહિત્યને જ સ્પર્શે એવું બનવાનો ઓછો સંભવ ગણી શકાય. એટલે જ, વીસમી સદી દરમિયાન ચાલેલી રાષ્ટ્રીય લડતથી આંદોલિત બનેલા જનજીવનના ભાવોનો પડઘો જેમ શિષ્ટ સાહિત્યે તેમ ધંધાદારી રંગભૂમિએ પણ ઝિલેલો જ્યારે જોઇએ છીએ ત્યારે આશ્ચર્ય થતું નથી. ધંધાદારી રંગભૂમિ, ખાસ કરીને વીસમી સદીના પહેલા ત્રણ દસકાઓ દરમિયાન, પ્રજાના મનોરંજનનું આપણે ત્યાં એક મુખ્ય સાધન હતી. એ પછી પણ, અલબત્ત, પ્રજામાનસનું રંજન કરવાનું કાર્ય તો એણે ચાલુ જ રાખ્યું હતું.

ધંધાદારી રંગભૂમિ ઉપર ભજવાયેલાં નાટકોનાં ગીતોમાં રાષ્ટ્રીય અસ્મિતાનો ચમકાર થયેલો છે. એ ગીતોમાં કેટલીકવાર કવિત્વની મધુર ઝલક દેખાય છે. ધંધાદારી રંગભૂમિનાં ગીતો છે માટે શિષ્ટત્વ

સાથે એનો આવશ્યક રીતે જ વિચ્છેદ થયેલો હોય, એમ ગૃહીત કરી લેવાની પણ જરૂર નથી. એનો અર્થ એમ પણ નહિ કે રંગભૂમિનાં ગીતોમાં સર્વદર્શી કોટિની કવિપ્રતિભાનો સંસ્પર્શ થયેલો છે તથા તત્કાલીનતાના અંશોવાળી જોડકણાં જેવી ગીતરચનાઓ એમાં મળતી જ નથી. રંગભૂમિના કવિએ આજુબાજુના વાતાવરણમાંથી અસહકાર, અહિંસા, સત્યાગ્રહ, દીનજનવાત્સલ્ય, સ્વાતંત્ર્ય આદિની ભાવનાઓ ગાંધીયુગના કવિની જેમ જ સુતત્પરતાપૂર્વક ઝિલેલી છે. સ્વાતંત્ર્યચાહના સેવવામાં કેટલીક વખત તો ગાંધીયુગના શિષ્ટ કવિ કરતાંયે રંગભૂમિનો કોઇ કોઇ કવિ વધારે જાગૃત થઇ ગયેલો માલૂમ પડે છે. પરંતુ રાષ્ટ્રપ્રીતિને કાવ્યના સૌંદર્ય સાથે સંલગ્ન કરવામાં એની સજ્જતા ગાંધીયુગના શિષ્ટ કવિ કરતાં દેખીતી રીતે જ ઓછી છે. રંગભૂમિનો કવિ ધંધાદારી ધોરણે ભજવાતાં નાટકો સાથે તથા સામાન્ય જનસમૂહ સાથે કામ પાડી રહ્યો હતો તે પણ અહીં ભૂલવાનું નથી. રંગભૂમિનાં ગીતો કાવ્યત્વ સાથે સંલગ્ન હોય કે ન હોય, પરંતુ સામાન્ય જનસમૂહની દેશવિષયક ભાવનાઓનો પડઘો પાડવાનું કાર્ય આ ગીતોએ બજાવ્યું છે, તે નિઃશંક. મધુર ગેયત્વને કારણે આ ગીતોમાંનાં કેટલાંક ખૂબ લોકપ્રિય બનીને જનતાને કંઠે એક કાળે રમેલાં હતાં. પ્રજાકીય આકાંક્ષાઓને મૂર્ત સ્વરૂપ આપવાની દૃષ્ટિએ તથા જનસમૂહની રાષ્ટ્રીય અસ્મિતાને પ્રબળ અને વેગવંત બનાવવાની દૃષ્ટિએ પણ આ ગીતોનું મહત્વ આંકી શકાય.

ધંધાદારી રંગભૂમિ ઉપર ભજવાયેલાં નાટકો ભાગ્યે જ ગ્રંથસ્થ થયાં છે. કોડીબંધ નાટકોમાં ગીતો લખનાર એક જ કવિનાં ગીતો પણ ભાગ્યે જ ગ્રંથાકારે મૂકાયાં છે. એટલે આ ગીતો મેળવવાનું એક માત્ર સાધન જે તે નાટકની નાટક ભજવતી વેળાએ પ્રસિદ્ધ થયેલી ઓપેરાબૂક જ છે. નાટકની વિવિધ ઓપેરાબૂકોમાં મળતાં ગીતો ઉપરથી રંગભૂમિના કવિનું એક વલણ જણાઇ આવે છે. પ્રભુની મંગલ સ્તુતિ કર્યા પછી દેશભક્તિનું એક ગીત મોટાભાગના કવિઓ મૂકે છે, પછી ભલે એ ગીતને નાટકના કથાવસ્તુ જોડે કોઇ સંબંધ ન હોય. નાટકનું કથાવસ્તુ પૌરાણિક હોય,

ઐતિહાસિક હોય કે સામાજિક હોય, સ્વદેશભક્તિનો સૂર એમાંથી કોઇને કોઇ રીતે પ્રગટે છે. કથા હોય મધ્યકાળની, પણ એમાં દેશપ્રેમની અર્વાચીન ભાવના ગૂંથાયેલી ક્યારેક જોવા મળે છે, દષ્ટાંત તરીકે, પ્રભુલાલ દ્વિવેદીનું "મહારાજ કુમારપાળ"(૧૯૨૦), મેવાડના ઇતિહાસને વિષય બનાવતું જી.એ. વૈરાટીનું "દેશદીપક"(૧૯૨૮), એ જ કવિનું ઝાંસીની રાણી વિશેનું "દિવ્યલક્ષ્મી"(૧૯૨૪), નાના ફડનવીસને વિષય બનાવતું કવિ પાગલનું "દીવાન"(૧૯૩૩)ઇ. નાટકો.

અર્વાચીન ગુજરાતી કવિતામાં સામાન્ય રીતે દેખાતી ભારતના ભૂતકાળનું ગૌરવ કરવાની વૃત્તિ રંગભૂમિનાં ગીતોમાં પણ દેખાય છે. "ચંદ્રગુપ્ત"(૧૯૧૭)માં તરત હોઠે ચડી જાય એવી વાણીમાં ભારતના ગતકાળનું ગૌરવ કરાયું છે:

"હિન્દ રાણી હતી, જગત-જાણી હતી,
આખા આલમની આશ્ચર્ય-કહાણી હતી,
સ્વર્ગદેવીની મશહૂર વાણી હતી." ૧

"આત્મનિર્ણય"(૧૯૩૬)માં પણ કવિ ભૂતકાળ પ્રતિ ડોકિયું કરે છે:

"હતાં આર્યોનાં સુંદર પ્રભાત,
બ્હેની, પૂર્વજના યુગની શી વાત?" ૨

નીચેની પંક્તિઓમાં એ જ ભાવ વણાયેલો છે:

" છે દિવ્ય ભૂમિ ભારતની જગમાં ચેતનના ચમકાર,
છે શુધ્ધ સનાતન જગથી જૂની પુણ્યપ્રભા ઝળકાર." ૩

ભારતના ભૂતકાલીન ગૌરવના નિરૂપણ સાથે એની વર્તમાનકાલીન પામરદશાની વાત આવવાની જ. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં આ પ્રકારનું ચિત્ર તો ઠેરઠેર થયેલું છે. ગાંધીજીની સત્યાગ્રહની લડત શરૂ થઇ એ પછી ભારતીય પ્રજા વિશેષ પુરુષાર્થપ્રવૃત્ત બનીને જીવનમાં પરાક્રમશીલતાની ઉપાસના કરતી થઇ હતી. એ પછીના સમયમાં શિષ્ટ ગુજરાતી કવિતામાં વર્તમાન જીવનની હીણપત વિશેના હાયકારા સંભળાતા લગભગ બંધ થઇ ગયા.

૧૯૦૨માં રચાયેલા "પ્રતાપી વીરવિજય"ની કવિતામાં નર્મદયુગના

સાહિત્યની નીચેની ભાવના રજૂ થયેલી છે:

"હાય હિંદ હાલત શી તારી, વિદ્યાકળા વિણ થઈ અતિ ખ્વારી,
હિંદ થકી હુન્નર લય પામ્યો.........
લક્ષ્મી બધી લઈ જાય વિદેશી........" ૪

"વેચાઈ ગઈ વીરતા અમારી વિલાસમાં", એનો એક ગીતકારને અફસોસ છે. ૫ બીજા એક ગીતકાર ભારતના ભાગ્યસીતારાઓને શોધે છે:

"ક્યાં છે આજે ભારતના લાલ, દીનને ઉધ્ધારનારા?
શ્રેષ્ઠ નિજ રાષ્ટ્રતણા રખવાળ, દેશના ભાગ્યસીતારા!" ૬

ભૂતકાળના જીવનની ખુમારી નાશ પામ્યાનું દર્દ વિવિધ રીતે રજૂ થયેલું છે:

"અમે દિલદર્દથી દાઝ્યા, અમારી માત આજારી,
ગઈ પ્રાચીન ખુમારી ક્યાં, વધી ગઈ છે કરજદારી." ૭

રંગભૂમિ ઉપર ભજવાયેલાં નાટકોની ઓપેરાબૂકોમાં દેશપ્રીતિનાં સંખ્યાબંધ ગીતો મળે છે. એ બતાવે છે કે પ્રજાચિત્તમાં આંદોલિત થતી ભાવનાઓથી ધંધાદારી રંગભૂમિ અસ્પૃષ્ટ નહોતી રહી. રંગભૂમિનાં ગીતોમાં ઝિલાયેલા સ્વદેશપ્રેમનાં કેટલાંક વધુ ઉદાહરણો જોઈએ: "ચરણો ચૂમું પ્રિયમાત હિંદદેવી, છો સહાય શિરછાય જગતની." ૮ "અજયસિંહ" (૧૯૨૧)માં આર્યબાળકો પ્રભુને પ્રાર્થના કરે છે:

"આ ભારતી કુમકુમભર્યાં તવ ચર્ણથી ઉધ્ધારશો,
અમરાપુરી સમ આપનો આ દેશ ક્યારે તારશો?" ૯

"અવનતિ મા દૂર હટાવી ડંકો તુજ જગમાં કરૂં", એ પંક્તિ લખનાર કવિ પ્રજામાં પ્રગટવી જોઈતી આત્મશ્રધ્ધા પ્રત્યે ઇશારો કરે છે: "જે પ્રજામાં આત્મશ્રધ્ધા છે જરી ના, તે શું પામે!" ("સાચો સંન્યાસ" ૧૯૨૧) ૧૦.

રંગભૂમિનાં ગીતોમાં ભારતીય નારીનું ગૌરવ, ક્યારેક તો તદ્દન અતિશયોક્તિવાળું, કરવામાં આવેલું છે. ઝાંસીની રાણી

લક્ષ્મીબાઇને સ્વાતંત્ર્યજંગની એક વીરાંગના તરીકે "દિવ્યલક્ષ્મી" (૧૯૨૪)માં કવિએ આલેખી છે. ઝાંસીની રાણીને અનુલક્ષીને કવિએ ભારતીય નારીનો મહિમા ગાયેલો છે:

"આપણા જગતમાં એક ટેકી ફક્ત હિન્દી નાર છે,
એ નારની સચ્ચાઇ પર આ હિન્દનો ઉધ્ધાર છે." ૧૧

"સ્કંદગુપ્ત" (૧૯૩૧)નામે ઐતિહાસિક નાટકમાં નારીમહિમાની અર્વાચીન ભાવના ગૂંથાયેલી છે:

"નંદનવન સમ દેશ આ જેનાથી સોહાય,
ભારતરમણી આજ તે ચરણતળે છુંદાય.
....જશે આ દેશ પાતાળે લૂછો અબળા તણાં આંસુ." ૧૨

એક સ્થળે, બ્રિટિશ રેસિડેન્ટ તરીકે નિરૂપાયેલ મેજર એલીસ નામના અંગ્રેજના મુખે કવિએ ભારતવાસીની પ્રશસ્તિ ઉચ્ચારાવેલી છે, તેને આકાંક્ષિત વિચારણાનો એક નમૂનો ગણી શકાય:"

"જાન દેતા દમબદમ છે દેવ જેવા ઇન્ડીઅન,
બેવફાઇ છોડ બ્રિટન જિગર પર ધર ઇન્ડીઅન." ૧૩

૧૯૨૪માં લખાયેલ "માનવદેહ અથવા મંગળ સ્થંભ" નામે નાટકમાં ગીતોમાં સ્વરાજ્યપ્રાપ્તિ વિશેની દૃઢ શ્રધ્ધા વ્યક્ત થયેલી છે:

"મળશે રે મળશે સ્વરાજ્ય એક દિન આપણે આંગણિયે વળશે,
.....ટેક, શ્રધ્ધા, સત્યાગ્રહ નિર્બળને બળીઆ કરશે." ૧૪

ગાંધીયુગની શિષ્ટ કવિતામાં પણ જે સમયે સ્વરાજ્ય પ્રાપ્તિ વિશેની આવી સ્પષ્ટ ઝાંખી જોવા મળતી નથી તે સમયે થયેલું ઉપર્યુક્ત આશાદર્શન સાનંદાશ્ચર્ય ઉપજાવે એવું છે.

નાટકમાં આવતી પ્રભુ પ્રાર્થનાઓમાં ઘણી વાર દેશની સ્વાધીનતા અર્થે પ્રાર્થના થયેલી હોય છે:

"અમારા દેશ ભારતને પ્રભુ સ્વાધીનતા આપો,
હરો અજ્ઞાન અંધારું સદા તેજસ્વીતા આપો." ૧૫

(જીવન--નૌકા, ૧૯૨૫)

દેશસેવા ખાતર પ્રાણ છોડનાર વ્યક્તિઓની કથા "ચેતનયુગ" (૧૯૩૦)માં કહેવાયેલી છે. એ નાટકની ગીતપંક્તિઓમાંનો કાવ્યગુણ ધ્યાન ખેંચે છે. "ચેતનયુગ" નાટકનું ગીત તો એક કાળે ખૂબ જનપ્રિય બનીને લોકોના કંઠે રમતું થયું હતું:

"ઓ માતૃભૂમિ તારા મુક્તિ તણા કિનારા,
ક્યાં છે પ્રકાશધારા ગંભુ ઉદય અમારા." ૧૬

ભારતવાસીઓને કવિ ઉદ્બોધન કરે છે:

"આજ ઉતર્યા સ્વર્ગભુવનથી ચેતનના અંબાર,
ઉતર્યા ચેતનના અંબાર,
ઝીલ ઝીલ ઓ ભારતવાસી! તજી મોહ-અંધાર." (એ જ).

જન્મભૂમિનો જયનાદ રંગભૂમિનાં ગીતોમાં સંભળાય છે. "શક્તિ અનંત દેતી સંદેશ દિવ્ય કહેતી" ધરતીનું-"ચેતન અજબ ભરેલી" માતૃભૂમિની મૃત્તિકાનું ગૌરવગાન એમાં થયેલું છે. ૧૭. જય જય જન્મભૂમિ, મંગળકરણી માત-વીરભૂમિ વિખ્યાત, કર્મવીર, ધર્મવીરની પુનિત માતઃ" "દેશ દીપક" (૧૯૪૦)નું આ ગીત રચાયું છે મેવાડભૂમિ માટે, પણ એનો ભાવસંદર્ભ અર્વાચીન છે. ૧૮. સ્વાતંત્ર્ય એ માનવજીવનનો પ્રાણ છે; એ ભાવ આ ગીતોમાં ક્યારેક ચમત્કારક રીતે પ્રગટ થયેલો છે:

"કોયલ છે પણ કંઠ નથી, આકાશ છે તોય પ્રકાશ નથી,
જીવન છે, જીવનમંદિરમાં પણ સ્વતંત્રતાનો શ્વાસ નથી." ૧૯

ઘણીવાર એક જ ગીત જુદાં જુદાં નાટકોમાં દેખાય છે:

"દિવ્યભૂમિ ભારત તારો ઉજ્જવલ ઇતિહાસ,
કર્તવ્યની કસોટી એ વીરના વિલાસ." ૨૦

ઉપરના ગીતની જેમ એક બીજું ગીત પણ વારંવાર જુદાં જુદાં નાટકોમાં મૂકાયું છે: "દેશભક્તિમાં જેણે દીધાં દેહદાન, એનાં ચરણોમાં કોટિ પ્રણામ".

રંગભૂમિનાં ગીતોમાં ગુજરાતપ્રીતિ પણ પ્રગટેલી છે. "મીનળ-

મુંજાલ" (૧૯૨૩)ના ગુજરાત વિશેના એક ગીતની પ્રારંભની પંક્તિ ઉપર દલપતરામની અસર જણાય છે:

"ગુજરાત જોવા જોગ છે, લાલ દૈવી ભૂમિ રૂડી,
પણ જાણવી ગુજરાતને નથી એ બાપની મૂડી." ૨૧

છેલ્લી પંક્તિમાં થોડી ગ્રામ્યતા દેખાય છે. બીજા એક નાટક "ગુજરાતની ગર્જના" (૧૯૨૫)માં ગુજરાત વિશેનો કવિહૃદયનો સાહજિક તથા લયમધુર ઉદ્ગાર નીકળેલો છે:

"હરિનું હૈયું હરનારી રે મા, ગુર્જરી અમારી,
....કૃષ્ણકનૈયે રચી દ્વારકા, એ પણ નગરી તારી રે,
....કુદરતની તું પ્યારી દુલારી, ભારતની સુકુમારી." ૨૨

"રણસંગ્રામ" (૧૯૩૪)માં કવિનો ગુજરાત પ્રત્યેનો ઉમળકો અછતો નથી રહેતો:

"વહાલકી મજી વસીયે જઇ ગુજરાત,
રસાળી ફુલવાડી ગુજરાત,
થાતા સઘળા ત્યાં આબાદ,
રસીલા ચાલોને ગુજરાત." ૨૩

ભારતના ભલા ખાતર જેમ હિન્દુ-મુસ્લીમ એકતાનો આગ્રહ રંગભૂમિના કવિએ સેવેલો છે. વિદેશી ચીજોનો બહિષ્કાર, રેંટિયો, અહિંસા, જેલગમન, ઇ. વિશેના ઉલ્લેખો પણ ગાંધીજીના જીવનવ્યાપી પ્રભાવ નીચે એમાં થયેલા છે. "અહિંસા પરમોધર્મ આપણું જીવનસૂત્ર છે એક." ૨૪

મદ્યપાન નિષેધનો આગ્રહ તો ગાંધીજીના આગમન પહેલાંયે સેવાતો હતો: "મદ્યપાનથી રસાતલ હિંદુસ્તાન... ભારતભૂમિની આજ થઇ મદ્યપાનથી માઠી ગતિ" ("ચન્દ્રવર્મા," ૧૯૦૧) ૨૫

રંગભૂમિનાં ગીતોમાં ગાંધીપ્રશસ્તિ થયેલી છે:

"આવો આવો સલૂણા માત ભારતી સંતાન,
ગાઓ ગાઓ ગજાવો વીર ગાંધીજીનાં ગાન." ૨૬

માતા ભારતભૂમિના "ભીડભંજન રેંટીઆ" વિશે ૧૯૨૦ના સમય પછી પુષ્કળ ગીતો લખાયાં છે. લોકનજર સમક્ષ રેંટિયો સ્વતંત્રતાનું એક પ્રતીક બની રહયો હતો: "સ્વતંત્રતાનું સાધન અપળ કાંતે નર ને નાર." ૨૭. આવા રેંટિયાનું ગૌરવ જુદી જુદી રીતે કરાયેલું છે: "રૂડો રેંટિયો રે... અમોને સ્વતંત્રતા દેનાર.. બંધુઓ લઇએ સુતરને તાંતણે સ્વરાજ્ય." ૨૮. "રાણા પ્રતાપ" (૧૯૨૩) એ ઐતિહાસિક નાટકના કથાવસ્તુ જોડે સંબંધ ન ધરાવતાં દેશપ્રેમનાં ચારેક ગીતો "રઘુનાથ"ની સહીથી નાટકને અંતે ઉમેરાયેલાં છે. એમાં રેંટિયા વિશેનું ગીત પણ ખરૂં. રેંટિઆમાંથી નીકળતા દેશોદયના તારે તારે ભારતનો ઉધ્ધાર લેખકે ભાળ્યો છે." ૨૯ આ ગીતોમાં ખાદીનું ગૌરવ થયેલું છે:

"પ્રતાપી હિન્દ તણા નરનાર ચાહો જો ભારત આબાદી,
ગ્રહી લ્યો દેશતણી ખાદી, ભારતીની એ મહાપ્રસાદી." ૩૦

૧૯૨૬માં લખાયેલા "સુવર્ણપ્રભાત"નાં ગીતોમાં દેખાતું રાષ્ટ્રીય અસ્મિતાના એક ઉન્મેષ સમું દીનજનવાત્સલ્ય કોયા ભગતની કડવી વાણીનું સ્મરણ આપી રહે છે. દુઃખે ભૂખથી પીડાતા, દુર્દશાથી ઉજ્જડ બનેલા ભારતદેશને જોઇને કવિ કહે છે:

"હવે તો હદ થઇ કહાના! વૈકુંઠમાં શું રહયો છે?"

... ... ...

" જાગો વૈકુંઠવાસી ગોવિંદ નિદ્રાને ત્યાગો,
.....મુક્તિની મુરલી સુણાવો, આ દેશને ઉધ્ધારો." ૩૧

સમષ્ટિએ કોયા ભગતની કડવી વાણી પહેલાં આ ઉન્મેષ પ્રગટેલો હતો એમ નોંધવું જોઇએ. દેશની ગરીબીના પાયામાં રહેલી આર્થિક અસમાનતા પ્રત્યે ગાંધીયુગના મેઘાણી-સુન્દરમ્ જેવા કવિઓનું ધ્યાન ખેંચાયું હતું. રંગભૂમિના કેટલાક કવિઓનું ધ્યાન પણ આ પ્રશ્ન પરત્વે દોરાયેલું હતું. "જમાનાનો રંગ" (૧૯૨૭)માં કહેવાયું છે: "રીબાયે દેશનાં સંતાન... હજારો હિન્દના વાસી ભૂખે મરતાં રીબાયે છે." ૩૨. "ભારતના લાલ જાગો... ભૂખે મરે છે, લાખો... શોભે ન રંગરાગો." ૩૩. મેઘાણીએ

હરીન્દ્રનાથના " ધ માસ્ક" કાવ્યના કરેલા રૂપાંતરની અસર નીચેની પંક્તિઓમાં જોઈ શકાય: "વિપદાથી આજ દેશ તારો પીડાય છે, કોકીલનાં ગીત કવિ શાનો તું ગાય છે?" ૩૪

સુધારી, શૌર્ય ઉદ્બોધન, બલિદાન આપવાની ભાવના તથા વીરત્વનો જુસ્સો રંગભૂમિનાં કેટલાંએ ગીતોમાં દેખાય છે. દીનહીનતાની પોચટ વૃત્તિ એમાં જણાતી નથી. "કમળા લક્ષ્મી" (૧૯૨૧)માંથી એનું એક ઉદાહરણ લઈએ:

"અમે લીધી ફકીરી આ અમારા દેશને માટે,
.....અમે મસ્તાન સેવામાં અમારી ઓર મસ્તી છે,
પુન: ઉધ્ધારને કાજે, કરી કુરબાન હસ્તી છે." ૩૫

બ્રિટિશરાજ્યે ભારતની સર્જેલી તારાજી વિશે રંગભૂમિ જેવા જાહેર મંચ ઉપરથી "નવ-ચેતન" (૧૯૨૧)માં કેટલાક સ્પષ્ટ કથનો થયેલાં છે: "થઈ દેશની ગતિ શી આજે, ભૂમિ તારાજ કરી આ રાજે" ૩૬

"નવ-ચેતન" નાટક ભજવનાર મંડળીનું "તિલક નાટક સમાજ" એવું નામ પણ નોંધપાત્ર છે. એનાં ગીતોમાં ઉદ્દામ મનોવલણ પ્રગટ થયેલું છે. ગાંધીજીની અસર નીચે એના કવિએ "અસહકાર" નામાર્ગ દ્વારા સ્વરાજ પ્રાપ્ત કરવાનો સ્પષ્ટ આદેશ આપેલો છે: "સત્યાગ્રહી તૈયાર થઇને કરીએ અસહકાર"; "માતૃભૂમિ કાજ, મેળવવા સ્વરાજ પ્રતિજ્ઞા છે આજ." ૧૯૨૧-ની સાલમાં, પૂર્ણ-સ્વરાજ્યનો ઠરાવ કોંગ્રેસે કર્યો હતો એ જોતાં, સ્વરાજ્ય માટે આવા સ્પષ્ટ-શબ્દોમાં વ્યક્ત થયેલી ચાહના આશ્ચર્ય-પ્રેરક જણાય છે. આમ છતાં, ઉદ્દામમતવાદી રાજકીય વિચારણાના રંગે જેટલી બંગાળ તથા મહારાષ્ટ્રની રંગભૂમિ રંગાયેલી હતી તેટલી ગુજરાતની રંગાઈ નહોતી. બંગાળના "નીલ-દર્પણ" નામે એક નાટકમાં ગળીનાં ખેતરમાં કામ કરતા મજૂરો ઉપર અંગ્રેજો વડે ગુજારવામાં આવતા જુલમોનું અસરકારક નિરૂપણ થયેલું હતું. એ નાટક જોતી વેળાએ પ્રેક્ષકો એટલા ઉશ્કેરાઈ જતા હતા કે ગોરા માલિકોનો પાઠ

ભજવનાર ભારતીય નટો ઉપર ચાલુ નાટકે જોડાં ફેંકવામાં આવતાં હતાં, એમ નોંધાયું છે. ૩૭

રાષ્ટ્રીય અસ્મિતાના પ્રસારમાં રંગભૂમિએ હિસ્સો આપેલો છે. ૧૮૯૭ના પ્લેગ દરમિયાન અને એ પછીના કાળમાં મહારાષ્ટ્રમાં ઉદ્દામવાદ ઝડપથી વિકસ્યો હતો. મહારાષ્ટ્રના કેટલાક નાટ્યલેખકોએ રંગભૂમિ ઉપર ભજવાતાં પોતાનાં નાટકોમાં ઉદ્દામવાદી રાજકીય વિચારો એવી જલદ રીતે મૂક્યા હતા કે ૧૮૯૮થી ૧૯૧૦ના બાર વર્ષના ગાળામાં "શ્રી શિવ છત્રપતિ વિજય" (લેખક: અણ્ણા માર્તંડ જોશી), "લોકમત વિજય" (લેખક: અનંત વામન બર્વે), "બંધ વિમોચન" (ગોપાલ ગોવિંદ સોમન) જેવાં દસેક નાટકો ઉપર મુંબઈની સરકારને પ્રતિબંધ મૂકવો પડયો હતો. ૩૮

ગુજરાતી રંગભૂમિ ઉપર ક્યારેક પટંતરે અંગ્રેજ સલ્તનત સામે પડકાર ફેંકાયો હોય તેવું જણાય છે. "સૌભાગ્યનો સિંહ" (૧૯૨૫)ની નીચેની પંક્તિઓ આમ તો કોઈ મુસ્લીમ બાદશાહને સંબોધાયેલી છે, પણ એનો ભાવસંદર્ભ અર્વાચીન લાગે છે:

"જુલમ તો ઝાઝા દિવસ, સાંખી પ્રભુ શકતો નથી,
અન્યાયથી જે રાજ્ય કરતો, રાય એ ટકતો નથી.
માની પ્રજાને તુચ્છ જે, નૃપ ગર્વથી ફુલાય છે,
તે જાણતો નથી ઝાઝી કીડી, સાપ તાણી જાય છે." ૩૯

દુ:ખથી હારી ન જવાની મનોવૃત્તિ પ્રજામાં પ્રગટી હતી:

"દેશ કાજે જીવનની પરવા અમે કરતાં નથી,
દુ:ખો તણા પહાડો પડે તોય અમે ડરતાં નથી." ૪૦

કવિ "વીરનાં વેર" (૧૯૨૯)માં પૂછે છે:

"ઓ માતૃભૂમિના સૂર્ય થયા નિસ્તેજ આજ કહો શાથી?
સ્વાતંત્ર્યસરોવર-રાજહંસ પરતંત્ર થયા કહો ક્યાંથી?" ૪૧

એવો પ્રશ્ન પૂછ્યા પછી કવિએ ફનાગીરીનો ભાવ વ્યક્ત કર્યો છે:

"એંઠા ટુકડા ગુલામીના અમે નહીં ખાશું,
અમે તો દેશને માટે ફકીરી લઈ ફના થાશું". (એ જ).

દેશ અર્થે ખુમારીનો ભાવ કવિ ધરાવે છે:

"કમર કસજો હવે નિજ દેશના ઉધ્ધારને કાજે,
પડે પગલું જો પાછું તો પ્રતાપી પૂર્વજો લાજે." ૪૨

શૌર્યોદ્બોધનનાં ગીતોની આ ધારામાં ચિત્રો ઊભાં કરતી કેટલીક સારી કાવ્યપંક્તિઓ મળે છે:

"ભાગ્ય ઊઘડયાં ભારત તારાં, રણભેરી જયની વાગે,
હાક પડી જ્યાં જનનીની ત્યાં કાયર પણ ઝબકી જાગે,
ફૂલથી કોમળ દૂધમલ બાળક રણમાં આજે ઘૂમે,
શહીદ થયેલા વીરની ભાલી હરખી માતા ચૂમે." ૪૩

ભારતની આઝાદી માટે જે અંતિમ હાકલ પડેલી તેનો પડઘો ઉત્સાહયુક્ત વાણીમાં રંગભૂમિના કવિએ પાડેલો છે:

"ભારતના લાલ જાગ જનની જગાડતી,
હાકલ પડી છે ઉઠ નિદ્રા કાં આવતી?
....વસમી છે વાટ છતાં સબળો સંગાથ છે,
ઝાઝો અવરોધ અને ઝાઝેરાં કામ છે." ૪૪

જનસમૂહની સ્વાતંત્ર્યઝંખનાને તથા સ્વતંત્ર્ય માટેના એના પુરુષાર્થને રંગભૂમિના ગીતકવિઓએ વાચા આપી છે. ૧૯૪૭માં આઝાદી આવી. સ્વાતંત્ર્યના સોહામણા સૂર્યની મંગલ વધાઈ કવિએ તે સમયે આપેલી છે:

"ઊગ્યો સ્વતંત્રતાનો સૂરજ સોહામણો,
પ્રગટયો શો પુણ્યનો પ્રકાશ:
ભારતને આંગણે." ૪૫

૧૯૦૧થી ૧૯૪૭ સુધીમાં–વીસમી સદીના લગભગ પૂર્વાર્ધમાં–પ્રગટ થયેલી ઓપેરાબુકનાં ગીતોમાં ભૂતકાલીન ભવ્યતાનું ગૌરવ થયેલું

છે. એ ભવ્યતાનો ભ્રંશ થતાં કવિહૃદયમાં પ્રગટેલો વિષાદ પણ એમાં ભળ્યો છે. ભૂતકાળની ભવ્યતાને યાદ કરી કરીને આંસુઓ સારવાનો હવે સમય રહ્યો નથી, દેશના નવજીવન અર્થે પુરુષાર્થનો કાળ આવી પહોંચ્યો છે, એવું દર્શાવતાં ખુમારી, ફનાગીરી ઇ. વિષયક રંગભૂમિનાં ગીતો મળે છે. આ ગીતોમાં ક્વચિત ફેશનપરસ્તી તો ક્વચિત્ અકૃત્રિમ દેશપ્રીતિ દેખાય છે. ખાદી, જેલગમન, શહાદત વ.નું એમાં ગૌરવ કરાયેલું છે. એ ગીતોમાં ગુજરાતપ્રીતિના ઉદ્ગારો પણ કાઢવામાં આવ્યા છે. રંગભૂમિનાં ગીતોમાં દલિતપ્રીતિનો એક નાનકડો પ્રવાહ ભળી ગયેલો છે. પ્રજાચિત્તના વિવિધ ભાવસ્તરોને એમાં આવરી લેવાયા છે. ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન રાષ્ટ્રનું ચૈતન્ય કેવી વિધવિધ રીતે વિલસી રહ્યું હતું એનો સુખકર પરિચય રંગભૂમિનાં ગીતો કરાવે છે.

... ... ...

## સંદર્ભ તથા પાદનોંધ


૧. "ચંદ્રગુપ્ત", ૧૯૧૭, મહારાણીશંકર શર્મા, કચ્છનીતિ દર્શક નાટક સમાજ.

૨. "આત્મનિર્ણય", ૧૯૩૬, કવિ કિશોર, દેશીનાટક સપાજ.

૩. "વિલાસપંથે", ૧૯૩૮, નાટકકાર–મણિલાલ 'પાગલ', કાવ્ય વિભાગ–જીવણલાલ બ્રહ્મભટ્ટ, આર્યનૈતિક નાટક સમાજ.

૪. "પ્રતાપી વીર–વિજય", ૧૯૦૨, રચીને પ્રસિધ્ધ કરનાર અમદાવાદ આર્યનાટક સમાજ. આ જ ગીત રામજીભાઇ ભટ્ટકૃત "નવલ–મુક્તા" નાટક ૧૯૦૬, રાજનગર નાટકમંડળી–માં પણ મળે છે.

૫. "સિરાજુદ્દૌલા", ૧૯૨૬, પ્રભુલાલ દ્વિવેદી, લક્ષ્મીકાન્ત નાટકસમાજ.

૬. "શ્રીમંત કે શેતાન", ૧૯૩૮, બાબુભાઇ કે. ઓઝા, મુંબઇ ગુજરાતી નાટકમંડળી.

૭. "રાણા પ્રતાપ", ૧૯૨૩, રઘુનાથ નીતિ નાટક સમાજ. દ્વિજેન્દ્રબાબુની નાટકનું હિન્દી રૂપાંતર. નાટકનાં ઉર્દુમાં લખાયેલાં ગીતો પૂરાં થાય છે પછી નાટકના કથાવસ્તુ જોડે સંબંધ ન ધરાવતાં દેશપ્રીતિનાં ગીતો ઉમેરાયાં છે.

૮. "મેઘમાલિની", ૧૯૧૮, નૃસિંહદાસ વિભાકર, મુંબઇ ગુજરાતી નાટક મંડળી.

૯. "અજયસિંહ", ૧૯૨૧, લેખક?, લક્ષ્મી વિજય નાટક સમાજ.

૧૦. "સાચો સંન્યાસ", ૧૯૨૧, પ્રોફે. હરિલાલ મૂળશંકર હરિનંદ મૂળાણી, રોયલ નાટક મંડળી.

૧૧. "દિવ્યલક્ષ્મી", ૧૯૨૪, છ. એ. વૈરાટી, દેશી નાટક સમાજ.

૧૨. "સ્કંદગુપ્ત", ૧૯૩૧, લેખક–? શ્રીદેવી નાટક સમાજ.

૧૩. જુઓ નં. ૧૧

૧૪. "માનવદેહ અથવા મંગળસ્થંભ", ૧૯૨૪, મોહનલાલ ગોકળદાસ યુવાન, નવીન દેશોદય નાટક મંડળી.

૧૫. "જીવન-નૌકા", ૧૯૨૫, છપાવી પ્રસિધ્ધ કરનાર સૈયદ કાસમભાઇ એન્ડ વિભોવન, હિન્દ વિજય નાટક સમાજ.

૧૬. "ચેતનયુગ", ૧૯૩૦, પ્રભુલાલ દ્વિવેદી, દેશી નાટક સમાજ.

૧૭. "સોરઠી સિંહ", ૧૯૩૪(આ. ૬), મણિલાલ પાગલ, દેશી નાટક સમાજ.

૧૮. "દેશદીપક", ૧૯૪૦, (આ. ૬), જી. એ. વૈરાટી, દેશી નાટક સમાજ.

૧૯. "નવી રોશની", ૧૯૪૩, ચાંપશી વિ. ઉદેશી, રંજન નાટક સમાજ.

૨૦", રાજકુમારી", ૧૯૩૩, શ્રી દેવદત્ત તારકસ, ... નાટક સમાજ.

૨૧. "...", ૧૯૨૩, નાનાલાલ બળદેવજી બ્રહ્મભટ્ટ, દેશી નાટક સમાજ.

૨૨. "ગુજરાતની ગર્જના", ૧૯૨૫, જી. એ. વૈરાટી, હિન્દ વિજય નાટક સમાજ.

૨૩. "રણસંગ્રામ", ૧૯૩૪, મણિલાલ પાગલ, દેશી નાટક સમાજ.

૨૪. "જુઓ નં. ૨૧.

૨૫. "ચન્દ્રવદના", ૧૯૦૧, ત્રિવેદી રણછોડલાલ મહાસુખરામ, શાંતિવિલાસ નાટક સમાજ.

૨૬. "વિધિનો વાંક", ૧૯૩૩, કવિ કિશોર, રણજિત નાટક સમાજ.

૨૭. "કલંકિત કોણ?", પ્રકાશનવર્ષ-?-ચિમનલાલ એમ. ત્રિવેદી, મુંબઇ ગુજરાતી નાટક ~~સમાજ~~ મંડળી.

૨૮. "નવ-ચેતન", ૧૯૨૧, પ્રણેતા: રત્નલાલ દ્વિવેદી, પનુભાઇ કાપડીઆ, તિલક નાટક સમાજ.

૨૯. "જુઓ નં. ૭.

૩૦. "ગુજરાતની ગર્જના." ૧૯૨૫, જી. એ. વૈરાટી, હિન્દવિજય નાટક સમાજ.

૩૧. "સુવર્ણપ્રભાત", ૧૯૨૬, રત્નલાલ માણેકલાલ દ્વિવેદી, ... માસ્તર થીએટર... મેઘાણી-શ્રીધરાણીની દલિતપ્રીતિનાં પહેલાં ગીતો ૧૯૨૯-માં રચાયાં હતાં.

૩૨. "જમાનાનો રંગ", ૧૯૨૭, પ્રો. ગજેન્દ્રશંકર પંડ્યા, મુંબઇ ગુજરાતી નાટક મંડળી.

૩૩. "રક્ષાબંધન", ૧૯૩૭, ગમનલાલ કો. બહાપો, નવજુવાન નાટક સમાજ.

૩૪. જુઓ નં. ૩.

૩૫. "કમળા લક્ષ્મી", ૧૯૨૧, ત્રિવેદી રણછોડલાલ મ.;નવીન દેશી નાટક કંપની.

૩૬. જુઓ નં. ૨૮.

૩૭. "રાઇઝ એન્ડ ગ્રોથ ઓફ ઇન્ડિયન મિલિટન્ટ નેશનાલિઝમ", પૃ. ૨૨, ડૉ. એમ. એ. બૂચ.

૩૮. "સોર્સ મટીરીઅલ", વૉ. ૨, પૃ. ૬૮૦.

૩૯. "સૌભાગ્યનો સિંહ," ૧૯૨૫, લેખક-?, મુંબઇ ગુજરાતી નાટક મંડળી.

૪૦. "કાશ્મીરનું પ્રભાત", ૧૯૨૮, પ્રો. ગજેન્દ્રશંકર પંડયા, મુંબઇ ગુજરાતી નાટક મંડળી.

૪૧. "વીરનાં વેર", ૧૯૨૯, લેખક-? લક્ષ્મીકાંત નાટક સમાજ.

૪૨", રાજાધિરાજ," ૧૯૩૯, ચિમનલાલ ત્રિવેદી, મુંબઇ ગુજરાતી નાટક મંડળી.

૪૩. જુઓ નં. ૩.

૪૪. "સૌભાગ્યવતી", ૧૯૪૪, ગીતલેખક-જીવણલાલ બ્રહ્મભટ્ટ, આર્યનૈતિક નાટક સમાજ.

૪૫. "શ્રીમંત લીલા", ૧૯૪૭, ગીતલેખક-મૂળજીભાઇ પી. શાહ, ખટાઉ ઓલ્ફ્રેડ થીએટ્રીકલ કંપની.

.... .... ....